# મહેસાણામાં આચાર સંહિતાના ધજીયા ઉડી રહ્યા છે

## ઠેર ઠેર સરકારી સંસ્થા હોદ્દેદારોના બોર્ડ હજુ સુધી ઉતારવામાં આવ્યા નથી

મહેસાણા, તા. ૧

લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ આદર્શ આચાર સંહિતાનો અમલ ચાલુ થયો હોવા છતાં મહેસાણા લોકસભા મતક્ષેત્રના કેટલાક વિસ્તારોમાં જાહેરાતમાં મુકાયેલ સહકારી સંસ્થાના હોદ્દેદારના બોર્ડ હજુ સુધી દૂર કરાયા ન હોઈ ચૂંટણી અંગેની આચારસંહિતાના ધજીયા ઉડી રહ્યા છે.

મહેસાણા લોકસભા મતક્ષેત્રમાં ચૂંટણી જાહેર થતાં આદર્શ આચારસંહિતા લાગુ થયેલ છે. ત્યારે જાહેર સ્થળોએ લગાવેલ રાજકીય પક્ષોના બોર્ડ તેમજ સહકારી સંસ્થાઓના હોદ્દેદારો તથા બોર્ડ દૂર કરાયા નથી. આવા બોર્ડને દૂર કરવા યા હરાવવા માટે સંબંધિત ચૂંટણી અધિકારીઓ દ્વારા કોઈ જ કાર્યવાહી થઈ નથી. પરિણામે હાઈવે પર આજે પણ સહકારી સંસ્થાના હોદ્દેદારના બોર્ડ જોવા મળી રહ્યા છે.

કહે છે કે, કેટલાક જાગૃત નાગરિકોએ આવા બોર્ડ આદર્શ આચારસંહિતાનો ભંગ કરતા હોઈ તેને દૂર કરવા માટે સંબંધિત ચૂંટણી અધિકારીઓને ટેલીફોન પર ફરિયાદ કરી છે તેમ છતાં ચૂંટણી અધિકારીઓ કોણ જાણે કેમ કોઈ કાર્યવાહી કરતા નથી. આમ જિલ્લામાં કેટલીક જગ્યાએ ચૂંટણી અધિકારીઓ ચૂંટણીને લગતા કાયદાના પાલનમાં કથિત બેદરકારી દાખવતા હોઈ આદર્શ આચારસંહિતાની ઐસી કી તૈસી થઈ રહી હોવાનું કહેવાય છે. બીજું સહકારી સંસ્થાઓ પૈકી કેટલીક સંસ્થાઓના હોદ્દેદારોના વાહનો પણ હજી સુધી ફરતા હોવાનું ચર્ચાય છે. વાહનો પણ હજી સુધી ફરતા હોવાનું ચર્ચાય છે.



લોકસભાની ચૂંટણીનો ગરમાવો ઉનાળા સાથે સર્વત્ર જામતો જાય છે ત્યારે જિલ્લાના ધાનેરા ખાતે એકલવ્ય પાર્ટી પ્લોટ ખાતે ભાજપ દ્વારા કાર્યકર્તાઓનું સ્નેહમિલન યોજાયું હતું. (તસવીર : ભરત પરમાર)

### માલપુર ખાતે કોંગ્રેસ કાર્યકરોનું સંમેલન યોજાયું

મુલોજ, તા.૧

અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે આજે કોંગ્રેસ કાર્યકર સંમેલન યોજાયું હતું. જેમાં સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ હાજર રહી વર્તમાન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સામે આકરા પ્રહારો કર્યા.

માલપુર ખાતે આયોજીત આ કાર્યકર સંમેલનમાં શંકરસિંહ વાઘેલાએ ભાજપ અને મુખ્યમંત્રી પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે જે પક્ષ કરતા વ્યકિતની મહત્વાકાંક્ષા વધી જાય તેને હિટલરશાહી કહેવાય અને કોઈ વ્યકિત પાર્ટી કરતા મોટી ન હોઈ શકે તેમ જણાવ્યું છે. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, અશ્વીન કોટવાલ, મહેન્દ્રસિંહ બારૈયા, મહેન્દ્રસિંહ વાઘેલા, જયમલસિંહ ખાંટ, મહેન્દ્રસિંહ વાઘેલા, વનરાજસિંહ ખાંટ સહિત સરપંચો, સદસ્યો વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.



ડીસા શહેરમાં વસતા સિંધી સમાજ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ તેમના આરાધ્ય દેવ ભગવાન ઝુલેલાલ ના મંદિર ખાતે ચેટીચાંદ પર્વની ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાદમાં શહેરના મુખ્ય માર્ગો પર ભગવાન ઝુલેલાલની ભવ્ય શોભા યાત્રા કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં સિંધી ભાઈ બહેનો જોડાયા હતા. (તસવીર : કાન્તિલાલ લોધા)

# ગલતેશ્વર નદીમાં પાણી પીવા ઉતરેલા પાંચ વર્ષના બાળકનું ડૂબવાથી મોત

## રેતી ચોરતા ભૂ માફિયાઓ સામે ગ્રામજનોનો રોષ

પ્રાંતિજ, તા.૧

તાલુકાના ગલતેશ્વર પાસેથી પસાર થતી સાબરમતી નદીમાં બપોરના સમયે તરસ છીપાવવા પાણી પીવા જતા એક બાળકનું ડૂબી જતા કમકમાટી ભર્યું મોત નિપજવા પામ્યું છે. સમગ્ર પંથકમાં નદીમાંથી રેતી ચોરી ખાડા કરતા ભૂ માફિયાઓ સામે રોષ વ્યાપી ઉઠયો છે.

પ્રાંતિજ પાસેના ગલતેશ્વર પાસેથી સાબરમતી નદી પસાર થાય છે. બપોરના સમયે કાળઝાળ ગરમીમાં પાણી પીવા માટે બે ભાઈઓ કિનારા પાસે પાણી પી રહ્યા હતા તે સમયે રોહિત કાન્તિભાઈ મકવાણા (ઉ.વ.૫)નો પગ લપસતા ઉંડા ખાડામાં ગરકાવ થઈ ગયો હતો.

પોતાના ભાઈને ડૂબતો બચાવવા માટે બીજા ભાઈએ બૂમાબૂમ કરતા ગ્રામજનો તુરંત નદી કાંઠે દોડી આવ્યા હતા. નદીમાં શોધખોળ કરતા રોહિત ઉંડા ખાડામાં ગરકાવ થઈ ગયો હતો અને શોધખોળને અંતે રોહિતની લાશ મળી હતી.

આ ઘટનાથી સમગ્ર પંથકની પ્રજામાં અરેરાટી ફેલાઈ જવા પામી છે. અને ગેરકાયદેસર રેતીનું ખનન કરતા માફિયાઓ સામે ભારોભાર રોષ પ્રગટ કર્યો છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે રેતી ચોરો પોતાને ફાળવેલ જગ્યા સિવાય વધુ રૂપિયા કમાવવા માટે જયાંને ત્યાં ખોદકામ કરતા હોય છે. પરિણામે આવી ઘટનાઓ નિર્માણ પામે છે.

લોકોએ સત્તાવાર તંત્રને આવા ખનીજ ચોરો સામે લાલ આંખ કરવાની જરૂર છે નહિ તો આવી ઘટનાઓમાં કોઈક નો લાડકવાયો તો કોઈક બહેનને વીર ગુમાવવો જ પડશે.

### ડીસામાં મહેશ્વરી સમાજ દ્વારા ગણગોર મહોત્સવનું આયોજન

ડીસા, તા. ૧

ડીસા શહેરમાં વસતા મહેશ્વરી સમાજના અગ્રણી પરમાનંદ મહેશ્વરી દ્વારા ગણગોર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીસામાં મહેશ્વરી સમાજમાં ગણગોર મહોત્સવ નું ખુબ મહત્વ છે.

આ ગણગોર વ્રત ધૂળેટીના દિવસથી ચાલુ થાય છે અને ચૈત્ર સુદ પાંચમના રોજ ભગવાન શંકર અને પાર્વતીના લગ્ન થાય છે જેમાં પાર્વતી માતાના લગ્ન મહેશ્વરી મહેશકુમાર દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાં લગ્નની તમામ વિધિ અદા કરવામાં આવી હતી. ઉપરાંત દાંડીયા રાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના બંધુઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

# નવરંગપુરામાં ચાર લાખની છેતરપિંડીની ફરીયાદ

અમદાવાદ, તા.૦૧

મોટા ગ્રાહકના નામે વાઉચર બનાવી ચાર લાખના એન્જીનીયરીંગ ટુલ્સ વેચી દઈ છેતરપિંડી કર્યા હોવાનો બનાવ નવરંગપુરા પોલીસ મથકમાં નોંધાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, પાલડી વિસ્તારના બલ્ડ બેંકની સામે આવેલ ગુજરાત સોસાયટીના એમ.પી. માર્કેટમાં રહેતા અપૂર્વભાઈ બાબુભાઈ મહેતાએ ગત રોજ નવરંગપૂરા પોલીસ મથકમાં પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાની ફરીયાદ નોંધાવી છે કે નરોડાના રહેવાસી ભુપેન્દ્ર મણીલાલ પટેલે તા. ૫ એપ્રિલ, ૨૦૧૩ના રોજ અપૂર્વભાઈની જોન એન્ટરપ્રાઈઝ તથા એનજલ ઓવરસીઝ નામની ઓફીસમાંથી ગ્રાહકોના ઓર્ડર પ્રમાણે બનાવેલ એન્જીનયીરંગ ટુલ્સનો કિંમત રૂપિયા ૪,૧૪,૭૪૩નો માલ મેળવીને તે ગ્રાહકોને આપતા નહોતા. ભુપેન્દ્રભાઈએ જાતે ખોટા વાઉચરો બનાવી, માલ બીજાને વેચી દઈ નાણાં મેળવી લઈ અપૂર્વભાઈ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. હાલ આ મામલે નવરંગપુરા પોલીસે તજવીજ હાથ ધરી છે.

# સરક્યુલર-એન્ટી સરક્યુલર રૂટ પર કાગડા ઉડી રહ્યા છે

અમદાવાદ, તા.૦૧

બીઆરટીએસ બસ સેવા માટે દેશ-વિદેશમાં સફળતાની પીપુડી વગાડતું તંત્ર રોજ લાખો રૂપિયા ખાડામાં પધરાવી રહ્યું હોવા છતાં અણઘડ વહીવટ બંધ કરવાનું નામ લેતું નથી. વાત એમ છે કે બીઆરટીએસ બસ માટે તંત્રએ સરક્યુલર અને એન્ટી સરક્યુલર રૂટ શરૂ કર્યું હતું, પરંતુ મિક્સ ટ્રાફીક, મોંઘુ ટિકિટ ભાડુ અને અણઘડ વહીવટના કારણે ઉપરોક્ત બંને રૂટનો ફિયાસ્કો થઈ ગયો છે.

ગત વર્ષના ડિસેમ્બર માસથી બીઆરટીએસ સત્તાવાળાઓએ આરટીઓથી સુભાષબ્રીજ સર્કલ આરટીઓ વચ્ચે સરક્યુલર રૂટ ૧૦૦ અને એન્ટી સરક્યુલર રૂટ ૨૦૦નો પ્રારંભ ખર્યો હતો. સરક્યુલર રૂટ પર આરટીઓથી દિલ્લી દરવાજા, સારંગપુર, દાણાપીઠ, ખમાસા, તિલકબાગ, ટાઉનહોલ, ગુજરાત યુનિવર્સિટી, નહેરૂનગર, શિવરંજની થઈ આરટીઓ દોડે છે. બીજી તરફ એન્ટી સરક્યુલર રૂટ ઉલટી દિશામાં આરટીઓથી શિવરંજની, નહેરૂનગર, તિલકબાગ, દિલ્લી દરવાજા, દોડે છે. આ બંને રૂટ પર કુલ નવ-નવ બસો દોડે છે આ બંને રૂટની બસોમાં ચાર એસી બસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. છેલ્લા ચાર માસથી શરૂ કરવામાં આવેલ બીઆરટીએસ સરક્યુલર અને એન્ટી સરક્યુલર રૂટને મુસાફરોનો ધાર્યો પ્રતિસાદ મળ્યો નથી. બીઆરટીએસના આ બંને રૂટ પર કાગડા ઉડે છે. મુસાફરોની જોઈએ તેટલી સંખ્યા આ બંને રૂટ પર મુસાફરી કરતી નથી. બીઆરટીએસને રોજની રૂા. ૫ લાખની ખોટ જાય છે અને મહિને આ ખોટ ૧.૫૦ કરોડ જેટલી થઈ જાય છે. બીઆરટીએસ પ્રોજેક્ટ આમ તો ફ્લોપ સમાન જ થઈ રહ્યો છે, પરંતુ સત્તાધીશો પોતાની શાખ બચાવવા પરાણે રોજની લાખો રૂપિયાની ખોટ કરી પણ તેને સફળ બનાવવાના પ્રયત્નો કરી રહ્યા છે. બીઆરટીએસ પ્રોજેક્ટ પાછળ ૯૦૦ કરોડ ખર્ચ થઈ ચુક્યો છે. અને આગામી સમયમાં બીઆરટીએસનો વ્યાપ વધશે તેથી વ્યાપ વધશે તેમ ખોટ પણ વધશે પરંતુ સત્તાધીશોને કંઈ ફરક પડવાનું નથી.

### ધનસુરામાં નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૧

ધનસુરા પ્રદેશ સિનિયર સિટિઝન ટ્રસ્ટ અને આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરાના સહયોગથી જે.એસ. મહેતા હાઈસ્કૂલના હોલમાં સતકેવલ હોસ્પિટલ સારસા દ્વારા નિઃશુલ્ક નેત્ર નિદાન શિબિર યોજાઈ હતી. જેમાં ૧૫ થી વધારે તબીબોની ટીમો અંદાજે ૨૦૦ જેટલા દર્દીઓને નિદાન કરી માહિતી અને દવાઓ મફત આપવામાં આવી હતી. દરમિયાન જે દર્દીને મોતિયો હોય તેવા દર્દીઓને ઓપરેશનની ટ્રસ્ટ દ્વારા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જેમાં ટ્રસ્ટના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.



ધાનેરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. નુરમહંમદ આર. સિંધી વય નિવૃત્ત થતા તેઓનો વિદાય સમારોહ યોજાયો હતો. જેમાં નિવૃત્ત થઈ રહેલા પી.એસ.આઈ.ને જે.ડી. સુતરીયાએ શાલ અને સ્મૃતિ ચિન્હ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. (તસવીર : ભરત પરમાર)

### ધનસુરામાં ડાયાબિટિશ નિદાન કેમ્પ યોજાયો

ધનસુરા, તા. ૧

ધનસુરા ખાતે આજે ડાયાબિટિશ જેવા રોગથી પીડાતા દર્દીઓ માટે ખાસ ડાયાબિટિશ નિદાન કેમ્પ યોજાયો હતો. આ નિદાન કેમ્પમાં ધનસુરાના ડૉ. રમેશ સથવારાના દવાખાના ખાતે નિઃશુલ્ક ડાયાબિટિશ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ડાયાબિટિશના દર્દીઓને ડાયાબિટિશથી રાહત મળે તે માટે રાહતદરે આયુર્વેદિક પાવડર આપવામાં આવ્યા હતા. આ કેમ્પમાં ડૉ. રમેશભાઈ સથવારા સહિત અન્ય બે નિષ્ણાંત ડોક્ટરોએ અંદાજે ૨૦૦ થી વધુ દર્દીઓને સેવાઓ આપી હતી.

### માલપુર ખાતે કોંગ્રેસ કાર્યકરોનું સંમેલન યોજાયું

અરવલ્લી જિલ્લાના માલપુર ખાતે આજે કોંગ્રેસ કાર્યકર સંમેલન યોજાયું હતું. જેમાં સાબરકાંઠા લોકસભા બેઠકના ઉમેદવાર શંકરસિંહ વાઘેલાએ હાજર રહી વર્તમાન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી સામે આકરા પ્રહારો કર્યા.

માલપુર ખાતે આયોજીત આ કાર્યકર સંમેલનમાં શંકરસિંહ વાઘેલાએ ભાજપ અને મુખ્યમંત્રી પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે જે પક્ષ કરતા વ્યકિતની મહત્વાકાંક્ષા વધી જાય તેને હિટલરશાહી કહેવાય અને કોઈ વ્યકિત પાર્ટી કરતા મોટી ન હોઈ શકે તેમ જણાવ્યું છે. આ પ્રસંગે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપસિંહ ખાંટ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, અશ્વીન કોટવાલ, મહેન્દ્રસિંહ બારૈયા, મહેન્દ્રસિંહ વાઘેલા, જયમલસિંહ ખાંટ, મહેન્દ્રસિંહ વાઘેલા, વનરાજસિંહ ખાંટ સહિત સરપંચો, સદસ્યો વગેરે કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.




પાલનપુરમાં રિબર્થ ગ્રુપ દ્વારા ઉનાળાનો આરંભ થતા જ અબોલ પંખીઓ માટે તરસ છીપાવવા પીવાના પાણીના કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. (તસવીર : ભરત પરમાર)

# ભિલોડા નવા ભવનાથ પાસે છકડો પલટી ખાતા મુસાફરોને ગંભીર ઈજાઓ

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા-જુનાભવનાથ માર્ગ ઉપર આવેલ નવાભવનાથ વિસ્તાર પાસે,ચંદ્રપુરી સોસાયટી આગળ છકડો પલટી ખાતા મુસાફરોના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ભિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સ વાન મારફતે ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને ખસેડાયા હતા.મેડીકલ ઓફીસર અને સ્ટાફ ધ્વારા ઈજાગ્રસ્તોને સારવાર આપવામાં આવી હતી. ભિલોડાથી મઉં તરફ છકડો ચાલક મુસાફરો ભરીને જતો હતો ત્યારે આર.ટી.ઓ.પાર્સિંગ વિહોણા છકડા ચાલકે સ્ટેરીંગ ઉપરનો કાબુ એકા-એક ગુમાવી બેસતાં છકડો પલટી ખાઈ જતાં રોડની સાઈડમાં આવેલ વીજળીનો થાંભલો ધરાશાયી થતાં ધડાકાભેર અવાજ થયો હતો. ભિલોડા નવીવસવાટના રહેવાસી કડીયા કામ કરતા મગનભાઈ ચુનીભાઈ મકવાણાના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ગંભીર ઈજાઓ થવા પામી હતી પરંતુ સદ્નસીબે વીજળીના તાર કોઈને અડચણરૂપ ના થતાં મોટી ઘટના થતાં અટકી ગઈ હતી. વીજળીનો થાંભલો ધારાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાતા પ્રજાજનો મુશ્કેલીમાં મુંકાયા હતા.છકડાની અંદર બેઠેલા અન્ય મુસાફરોના શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ થઈ હતી.મગનભાઈ મકવાણાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં છકડો ચાલક મુકેશભાઈ રણછોડભાઈ વણઝારા, રહેવાસી.મઉટાંડા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસ ધ્વારા આઈ.પી.સી.કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮,એમ.વી.એક્ટ ૧૭૭, ૧૮૪, ૧૩૪ (બી)મુજબ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રાઈવેટ વાહન ચાલકો બેફામ વાહનો હંકારતા હોવાના કારણે નિર્દોષ પ્રજાજનોનો ભોગ લેવાય છે ત્યારે પોલીસ તંત્ર ધ્વારા લાલ આંખ કરવાની તાતી જરીયાત છે. ભિલોડાથી હિંમતનગર, ઈડર, ચિઠોડા, શામળાજી સહિત અનેક ગ્રામ્યવિસ્તારના રૂટો ઉપર પ્રાઈવેટ વાહનો મારફતે મુસાફરોને ઘેરા-બકરાંની માફક ભરી હેરાફેરી કરતા પ્રાઈવેટ વાહન ચાલકોને જાણે કે પોલીસનો બિલકુલ ડર વગર ધીકતો ધંધો હપ્તાઓ આપી ચલાવી રહ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે. પ્રાઈવેટ અમુક વાહન ચાલકો પાસે ડ્રાઈવીંગ લાયસન્સ,વાહનનો વિમો પણ હોતો નથી.અમુક વાહન ચાલકો ખખડધજ વાહનોમાં મુસાફરોને ઘેરા-બકરાની માફક ભરી મુસાફરી બિન્દાસ્ત, બેરોકટોક રીતે કરાવતા હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે મુસાફરો અમુક સમય દરમ્યાન એસ.ટી.બસો પુરતા પ્રમાણમાં મળતી ના હોવાના કારણે મજબુરી હોવાના લીધે પ્રાઈવેટ વાહનોમાં બેસી જીવનું જોખમ ખેડી પ્રાઈવેટ વાહનોમાં બેસવા મજબુર બનતા હોય છે ત્યારે લોકમુખે ચર્ચાય છે કે જી.એસ. આર.ટી.સી.ધ્વારા એસ.ટી. બસોની સેવા ગ્રામ્યવિસ્તારમાં વધારવાની તાતી જરૂરીયાત હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧